## Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer


૨૭ ઓક્ટોબર, ૨૦૨૦/16478

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા**
*માનનીય મંત્રીશ્રી*
ગૃહ અને ન્યાય વિભાગ
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૦૦૧૦.

**માનનીય મંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

આપ વિદિત છો તેમ આ વર્ષે **COVID-19** મહામારીને કારણે વેપાર-ઉદ્યોગને ખુબજ કપરા સમયમાંથી પસાર થવું પડયું છે અને ભવિષ્યમાં તેમને ટકી રહેવા માટે પણ મુશ્કેલી થાય તેવી પરિસ્થિતિ સર્જાઇ છે.

આ સંજોગોમાં આવનારા દિવાળીના તહેવારના દિવસોમાં જો દુકાનદારો અને ધંધાર્થીઓને રાત્રી ૧૨-૦૦ વાગ્યા સુધી તેમનો ધંધો ચાલુ રાખવા મળે તો તહેવારના આ સમયમાં થતી ખરીદીનો તેમને પુરતો લાભ મળી શકે જેથી તેમના વેપાર-ધંધાને ખુબ જરૂરી તેવું પ્રોત્સાહન મળી રહેશે અને આ સમય દરમ્યાન થતાં નફાને કારણે તેઓ આવનારા સમયમાં તેમનું અસ્તિત્વ ટકાવી રાખી શકશે.

આવનારા દિવાળીના તહેવારના દિવસો સુધી દુકાનો અને નાના વેપાર-ધંધાને રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાય તેવી સ્પષ્ટતા બહાર પાડવા અને તેની સાથો સાથ પોલીસ વિભાગને પણ આ અંગેની યોગ્ય માર્ગદર્શિકા આપવા સારુ આપશ્રીને નમ્ર વિનંતી કરીએ છીએ.

અમને ખાતરી છે કે નાના દુકાનદારો અને ધંધાર્થીઓના હિતમાં આપ જરૂરથી ઉપરોક્ત સકારાત્મક નિર્ણય લેશો.

**આપનો વિશ્વાસુ,**

**નટુભાઇ પટેલ**
*પ્રમુખ*


Shri Ambica Mills - Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad- 380009. INDIA.

+91 - 79 - 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org

www.gujaratchamber.org